लुहार जातिनिर्णय.

:***(?)***:

છપાવી પ્રસિદ્ધ કરનાર.

श्री महेश्वरा परावतार श्रीमच्छंकर भगवत्
पूज्य पादाचार्याणामादिमेकांतिकस्थान
श्रीशारदापीठ संस्थान द्वारका.

જાતિનિર્ણય પ્રકરણ.

અનુક્રમાંક ૨૬.

પ્રથમાવૃત્તિ. પ્રત ૨૦૦૦.

રૂા. ૦—૧—૬ ૪—૯—૧૯૦૬

लुहारजातिनिर्णय.

॥ श्री शारदाम्बा विजयतेतराम् ॥

द्वा० शा०

सं. ग्रा. अङ्क

१३३
१९६५

श्री द्वारका
धीशो विजयते
जगद्गुरु श्रीमच्छंकरा
चार्य श्री शारदामठ
द्वारकासंस्थानाधीश्वर
महाराज.

શ્રી મહેશ્વરાપરાવતારશ્રીમચ્છંકરભગવત્
પૂજ્યપાદાચાર્યાણામ્ આદિમેકાંતિક
શ્રી શારદાપીઠ સંસ્થાન દ્વારકાં.

"जाति निर्णय प्रकरण"

अनुक्रमांक

आवक नंबर
१९

ता. ४-९-१९०६

(૨)

અર્થી

ગુજરાતી લુહાર વિશ્વકર્મા જ્ઞાતિઉત્તેજક મંડળી મુ. સુરત પંચાલ ભગત નાગરજી પીતાંબરજી અમદાવાદના તથા લુહાર નાગરદાસ ગોપાળદાસ નડીયાદના.

પ્રત્યર્થી

ચોરાશી જ્ઞાતિ બ્રાહ્મણ સમસ્ત.

આ કામની હકીકત એવી છે કેઃ—શ્રી ગુરૂસ્થાનની સ્વારી સુરત મુકામે હતી ત્યારે પ્રથમ વિશ્વકર્મા જ્ઞાતિ ઉત્તેજક મંડળી (લુહાર જ્ઞાતિ) ના બત્રીશ ઈસમની સહીની તારીખ વિનાની એક અરજ તે મંડળીના કેટલાક આગેવાનોએ શ્રી ગુરૂસ્થાન રૂબરૂ હાજર થઈ તા૦ ૪—૯—૧૯૦૬ ના રોજ દાખલ કરી તે અરજ આવક નંબર ૫૧ શ્રી ગુરૂસ્થાનમાં દાખલ છે.

૨. ત્યાર પછી પંચાલ ભગત નાગરજી પીતાંબરે તા. ૨૩—૧૨-૧૯૦૭ નુ સત્યવિજય પ્રેસમાં છપાવેલું એક ચોપાનીયું ટપાલ મારફતે શ્રી ગુરૂસ્થાન રૂબરૂ ઉમરેઠ મુકામે મોકલ્યું, તે તા. ૧—૨—૦૮ ના રોજ શ્રી ગુરૂસ્થાનમાં દાખલ થયું. એ ચોપાનીયાના ત્રીજા પૃષ્ટમાં "શ્રીમન્ શંકરાચાર્ય માધવતીર્થ મહારાજને શારદાપીઠાધીશ્વર મુકામ દ્વારકાં" એવા મથાળા નીચે એક લેખ પ્રકટ કર્યો છે. તેમાં લખે છે કે આ રજુ કરેલા પુરાવો તપાસી વિશ્વકર્માની સંતતિ કયી વર્ણમાં છે તેનો જુવાબ સંતોષ કારક અમોને આપશો વિગેરે તે ચોપાનીયું નિ. ૧ માં દાખલ છે. નાગરજી પીતાંબરે છપાવી પ્રગટ કરેલા સદર ચોપાનીયા ઉપરથી સમસ્ત બ્રાહ્મણ

ોલી ફેલાવી, એથી અમદાવાદની ચોરાસી બ્રાહ્મણ જ્ઞાતિના કેટ-

લાક આગેવાનોએ શ્રી ગુરૂસ્થાન રૂબરૂ ઉમરેઠ મુકામે આવી સદર ભગત નાગરજી પીતાંબરના કૃત્ય વિરૂદ્ધ શ્રી ગુરૂસ્થાનનું લક્ષ ખેચ્યું; તે ઉપરથી તા૦ ૩–૨–૧૯૦૮ ના રોજ નંબર ૩૪૭ નું એક આજ્ઞાપત્ર અમદાવાદની ચોરાસી જ્ઞાતિના આગેવાનો ઉપર કાઢી ચાલતી તકરારનો નિર્ણય થતા સુધી કોઈ પણ બ્રાહ્મણોએ લુહાર જાતિને ત્યાં ક્રિયમાણ કરાવવા જવું નહી એવી આજ્ઞા કરવામાં આવી; તે આજ્ઞા અદ્યાપિ અમલમાં છે.

૩. પછી જ્યારે શ્રી ગુરૂસ્થાનની સ્વારી નડિયાદ મુકામે આવી ત્યારે લુહાર નાગરદાસ ગોપાળદાસ રહેવાશી નડિયાદ નવાગામનાએ અસાડ સુદી ૧૧ ના રોજ એક અરજ શ્રી ગુરૂસ્થાનમાં દાખલ કરી, જેનો આવક નંબર ૨ છે. તેમાં લખે છે કે મારી લુહારની જ્ઞાતિ કયી વર્ણમાં હશે? અને મોક્ષ મેળવવા માટે શું કાર્ય કરવું? વેદોક્ત કે પુરાણોક્ત? ને હમોને શો અધિકાર છે? તે સંબંધી હમોને કશી વાતની ગમ પડતી નથી. વળી અમદાવાદમાં હમારી જાતના લોકો હમો લુહારને ઉપવિતનો અધિકાર બતાવે છે. તે અરજ નિશાની ૨ માં દાખલ છે.

૪ "આ કામમાં તપાસવાના મુદ્દાઓ"

૧. વિશ્વકર્મા એ નામની જાતિ હિંદુઓમાં તથા હિંદુશાસ્ત્રમાં અસ્તિત ધરાવે છે કે કેમ?

૨. વિશ્વકર્મા એ બ્રાહ્મણ છે? તેમની ઉત્પત્તિ બાબત હિંદુ શાસ્ત્રમાં કંઈ લેખ છે કે કેમ?

૩. લુહાર એ ચાર વર્ણ પકી એક છે કે સંકરજાતિછે?

૪. લુહારનો સમાવેશ કયી વર્ણમાં છે?

૫. લુહારને વેદમંત્રથી કર્મ કરવાનો અધિકાર છે કે પુરાણ મંત્રથી કર્મ કરવાનો અધિકાર છે ?

૬. નિશાની ૧ ના ચોપાનીયામાં જે સરકારી ઠરાવ બતાવ્યો છે, તે ખરો છે એમ માનવું યોગ્ય છે ?

મુદ્દાનો નિર્ણય.

૧. પ્રથમ મુદ્દા વિષે શ્રી ગુરૂસ્થાનનો નિર્ણય નકારમાં છે.

૨. બીજા મુદ્દા બાબત શ્રી ગુરૂસ્થાનનો અભિપ્રાય એવો છે કે વિશ્વકર્મા એ બ્રાહ્મણ નથી, દેવ છે એમ હિંદુ શાસ્ત્રમાં લખેલી વિશ્વકર્માની ઉત્પત્તિ ઉપરથી જણાય છે.

૩. લુહાર એ ચાર વર્ણ પૈકી નથી, પણ સંકર જાતી છે.

૪. ચોથા મુદ્દા બાબત લુહાર એ શુદ્ર વર્ણથી કંઈક ઉંચી સંકરજાતિ છે એમ શ્રી ગુરૂસ્થાનનો નિર્ણય છે.

૫. પાંચમા મુદ્દા બાબત લુહારોનો અધિકાર પુરાણ મંત્રથી કર્મ કરવાનો છે એવો શ્રી ગુરૂસ્થાનનો નિર્ણય છે.

૬. સરકારી ઠરાવ ભરોંસો રાખવા લાયક યોગ્યતા ધરાવતો નથી એવો શ્રી ગુરૂસ્થાનનો છઠ્ઠા મુદ્દાનો નિર્ણય છે.

કારણો.

૧. વિશ્વકર્મા બ્રાહ્મણ છે એ બાબત હિંદુશાસ્ત્રમાં કોઈ પ્રમાણ મળી આવતું નથી, તેમજ અરજદારોએ "વિશ્વકર્મા જાતિ

કુતેનજક મંડળી " એ નામથી પોતાને ઓળખાવે છે. પણ એવી કોઇ જાતિ આજ સુધી લોકપ્રસિદ્ધિમાં નથી. માત્ર નવીન કાલ્પનિક છે એમ જણાય છે.

विश्वकर्म्मा प्रभासस्य पुत्रः शिल्पप्रजापति ॥
प्रासादभवनोद्यानप्रतिमाभूषणादिषु
तडागारामकूपेषु स्मृतः सोऽमरवर्धकी ॥ इति मात्स्ये ॥

प्रत्यूषस्य विदुःपुत्रमृषिं नाम्ना तु देवलं विश्वकर्म्मा प्रभासस्य विख्यातो देववर्धकी ॥ इति गारुडे ६ अध्याये ॥

बृहस्पतेस्तु भगीनो वरस्त्री ब्रह्मचारिणी ॥
योगसिध्धा जगत्कृत्स्नमसक्ता विचरंति च ॥
प्रभासस्य तु सा भार्या वसुनामष्टमस्य तु ॥
विश्वकर्म्मा महाभाग तस्या यज्ञप्रजापतिः ॥
कर्ता शिल्पसहस्राणां त्रिदशानां च वर्धकि ॥
॥ इति विष्णुपुराणे अंश १ अ. १५ ॥

द्वौ प्रोक्तौ विश्वकर्म्माणौ मयत्वष्टा च योगवित् ॥
॥ इति वाराहपुराणे गणभेदोनामाध्याये ॥

૭. ઉપર લખેલા સંસ્કૃત વાક્યોનો ભાવાર્થઃ—વિશ્વકર્મા એ પ્રભાસ નામના વસુનો પુત્ર છે, એ શિલ્પ વિદ્યાનો પ્રવર્તક પ્રજાપતિ છે; હવેલી, ઘર, ઊધાન, પ્રતિમા, ઘરેણાં, કુવા, તળાવ, વિ-

ગ્રામ, વાવડી વિગેરે નિર્માણ કરનાર દેવતાનો શિલ્પિ છે, એમ મત્સ્ય પુરાણના પાંચમા અધ્યાયમાં લખેલું છે.

૮. ગરૂડ પુરાણના છઠ્ઠા અધ્યાયમાં પ્રત્યૂષ નામા વસુના પુત્ર દેવલ નામના રૂષિ અને પ્રભાસ નામના વસુનો પુત્ર એ વિશ્વકર્મા નામનો દેવતાઓનો કારીગર છે.

૯. વિષ્ણુપુરાણના પ્રથમ અંશના પંદરમા અધ્યાયમાં બૃહસ્પતિની બ્હેન વરસ્ત્રી નામની બ્રહ્મચારણને યોગથી સિદ્ધ બની જગતમાં વિરક્તા થઇને વિચરનારી તે પ્રભાસ નામના આઠમા વસુની ભાર્યા (સ્ત્રી) થઈ. તેણીમાં વિશ્વકર્મા નામના પ્રજાપતિની ઉત્પત્તિ થઈ. તે વિશ્વકર્મા અસંખ્યાત શિલ્પવિદ્યા નિર્માણ કરનાર અને દેવતાનો કારીગર, ભૂષણો વિગેરેને કરનાર છે, એમ લખ્યું છે.

૧૦. તેમજ વરાહપુરાણમાં ગણભેદ નામના અધ્યાયમાં મય અને ત્વષ્ટા એ બે શિલ્પવિદ્યાના જાણનારા છે, એમ લખ્યું છે. અને કુર્મ્મપુરાણમાં કશ્યપીપ્રજાસૃષ્ટીનું વર્ણન ચોથા અધ્યાયમાં કરેલું છે, તેમાં પણ તે વાત લખેલી છે. એ ઉપરથી બીજા મુદ્દાના નિર્ણયમાં વિશ્વકર્મા એ બ્રાહ્મણ નથી એમ સિદ્ધ થાય છે.

૧૧ ઉપર લખેલા શ્લોકોમાં જે દેવવર્ધકી અને અમરવર્ધકી એવા શબ્દો આવેલા છે, તે બાબત શબ્દ કલ્પદ્રુમ ચતુર્થ કાંડમાં પૃષ્ટ ૧૯૧ માં વર્ધકી શબ્દના વર્ણનમાં લખ્યું છે કેઃ—

वर्धोऽस्ति अस्येति वर्धकि॰(इति) वर्णसंकरजाति-विशेषः वढ इति हिंदी भाषा तत्पर्यायः त्वष्टा, वर्धकि,

तक्षा, सूत्रधारः रथकारः रथकरः काष्टतद् અને કાષ્ટતક્ષકઃ विश्वकर्म्मा इत्यर्थान्तरम् એટલે બધા પર્યાય શબ્દ છે, તેમજ "રત્નાવલી" કોષમાં પણ त्वष्टा, विश्वकर्म्मा, तक्षा, सूत्रधार, काष्टतट् એ બધા એકજ છે, એમ લખ્યું છે.

૧૨ રથકાર બાબત શબ્દકલ્પદ્રુમ ચતુર્થકાંડ પૃષ્ટ ૯૨ માં લખ્યું છે કે:—

रथकारः पुं० (रथंकरोतीति)। कृ+अण्। रथनिर्माणकर्त्ता। छुतार इति भाषा। सतुकरणि गर्भे माहिष्याज्जातः। (यथा वाजसनेय संहितायाम् ३० । ६ ।)" कुमारी पुत्रं मे धायै रथकारं धैर्य्याय तक्षाणं"। "रथकारं माहिष्येण करिण्यां जातम् इति तद्भाष्ये महीधरः ॥"

૧૩ મતલબ એટલીજ છે કે ભગત નાગરજી પીતાંબર જે સુતારના ટોળામાં બેશી પોતે બ્રાહ્મણ થવા ચાહે છે, તે હાસ્યાસ્પદ છે, કેમકે સુતાર એ જાતિ જૂદી છે અને લુહાર એ જાતિ જૂદી છે.

૧૪ લુહારની જાતિ વિશે શબ્દકલ્પદ્રુમકાંડ ૪ પાના ૨૩૬ માં "लोहकारः" શબ્દના વિવેચનમાં લખે છે કે:—

लोहकारः पुं० (लोहं लोहमयं शस्त्रादि करोतीति) । कृ + अण् । लौहकारकः । इति हलायुधः ॥ यथा गो. रामायणे ॥ २ ॥ ९० ॥ २३ ॥

" प्रख्याताश्चर्मकाराश्च लोहकारास्तथैवच ॥ लोहकारकः पुं (लोह तन्मय शस्त्रादि करोतीति) कृ + ण्वल् । वर्णसंकरजातिविशेषः । कामार इति भाषा । तत्पर्य्यायः । व्योकारः (२) इत्यमरः लौहकारः ३ अयस्कारः ४ कर्म्मकारः ५ कम्मारः ६ ॥ इति भरतरभसौ ॥ तस्योत्पत्तिर्यथा ॥ गोपालात्तन्त्रवाय्यां वै कर्मकारो प्यभूत्सुतः ॥ इति पराशरपद्धति ॥ "

१५ ઉપર લખેલી સંસ્કૃત પંકિતનો ભાવાર્થ એવો છે કે "लौहकार" એ પુંલીગ શબ્દ છે; લોહનાશસ્ત્રઆદિ નિર્માણ કરનારને લોહકાર કહેવાય છે અને कृ ધાતુ તથા अण् પ્રત્યયથી "લોહકારક" થાય એમ "હલાયુધ" કોષમાં કહેલું છે. તેની ઉત્પત્તિ બાબત ઉપર દર્શાવેલી ગોભીલ રામાયણમાં ચર્મકારને લોહકાર એ પ્રખ્યાત છે, એમ લખ્યું છે. વળી ભરત અને રભસ કોષમાં લોહકાર શબ્દ બાબત "लौहकारक" પુંલીંગ છે. લોહનાં શસ્ત્રાદિ બનાવનારી વર્ણુસંકરજાતિવિશેષ છે. ને તે લોહકારક શબ્દ રભસના મતમાં कृ ધાતુ અને ण्वल् પ્રત્યયથી લોહકારક એમ થાય છે. અને તે "લોહકારક"ને ભાષામાં "कामार" કહે છે. પર્યાય "व्योकारः" એમ અમરકોષમાં લખેલું છે. અને " लोहकारः " " अयस्कारः " " कर्म्मकारः " ને " कर्म्मारः " એ બધા પર્યાય શબ્દ છે એમ ભરત અને રભસનો મત છે.

લુહારની ઉત્પત્તિ ગોપાળીઆથી તઈ જાતની સ્ત્રીમાં (તૈય-ણમાં), કર્મકાર એટલે લુહાર જાતનો પુત્ર ઉત્પન્ન થયો એમ પારાશર પદ્ધતિના પ્રમાણુથી જણાય છે. (તંતુવાઇ એટલે કપડાં વણવાના સુતરને ખેળ લગાડી વાણો તાણો તૈયાર કરનાર: જેને મરાઠી ભાષામાં કોષ્ટી અને ગુજરાતી ભાષામાં તાઈ કહે છે.)

रंगाजीवश्चित्रकारः शस्त्रमार्जोऽसिधावकः ॥

पादकृच्चर्मकारस्यात् व्योकारो लोहकारकः ॥

॥ अमरकोष शूद्रवर्गः ॥

૧૬ ઉપર પ્રમાણે અમરકોષકારના મતમાં લુહાર શૂદ્ર છે. કેમકે શૂદ્ર વર્ગમાં સંકરજાતિવિશેષગણનામાં લુહારોને ગણેલા છે. તે બાબત અમરકોષ શૂદ્ર વર્ગના પહેલા શ્લોકમાં શૂદ્ર " **अवरवर्णः** " " **वृषल** " અને " **जघन्य** " એ ચાર શૂદ્ર વર્ણનાં નામો લખી પછી ચંડાળ પર્યન્તની જે ગણના કરી છે એ સંકર જાતિ છે, એમ સ્પષ્ટ લખ્યું છે

૧૭ વળી શબ્દકલ્પદ્રુમના દ્વિતીય કાંડ પૃષ્ટ ૪૬ માં " **कर्मकारः** " શબ્દ વિવેચનમાં લખેલું છે કે:—

(कर्म्मवेतनं गृहीत्वा लोहादिभिः खड्गकर्त्तरिकादिकं करोति निर्म्मातीति । कर्म्म+कृ+उपपदे " कर्म्मण्यण् " ॥ ३ ॥ २ ॥ १ ॥ इति अण्) वर्णसंकरविशेषः । लौहकारः । कामारः इति भाषा । स तु शूद्रायां विश्वकर्म्मणो जातः । इति ब्रह्मवैवर्त्तपुराणम् ॥

૧૮ ઉપરની સંસ્કૃત પંક્તિનો ભાવાર્થ–કર્મકાર એટલે મજૂરી લઇને લોહાદિથી તરવાર, કાતર, વિગેરે નિર્માણ કરે એનું નામ કર્મકાર કહેવાય છે. " **कर्म** " શબ્દ એ कृ ધાતુથી ઊપપદમાં " **अण्** " **प्रत्यय** લગાડવાથી " **कर्म्मकार** " શબ્દ થાય છે, તે વર્ણસંકર જાતિ વિશેષ છે. તેને મરાઠી ભાષામાં "**लौहकारः**" " **कामार** " કહે છે; તે શૂદ્ર સ્ત્રીમાં વિશ્વકર્માથી ઉત્પન્ન થયેલો છે, એમ બ્રહ્મવૈર્વત પુરાણમાં લખ્યું છે.

૧૯ લુહાર વર્ણસંકર જાતિ છે તે બાબત વર્ણસંકર શબ્દના વિવેચનમાં શબ્દકલ્પદ્રુમના ચતુર્થ કાંડના પૃષ્ટ ૨૮૭ માં લખ્યું છે કેઃ—વર્ણસંકર શબ્દ એ પુલિંગ છે. વર્ણ એટલે બ્રાહ્મણાદિ જાતિઓમાં પરસ્પર મિશ્રણ (સેળ ભેળ) થવાથી જે જાતિ ઉત્પન્ન થાય, એનું નામ વર્ણસંકર જાતિ કહેવાય છે. વળી વર્ણસંકર શબ્દનો અર્થ કરી તેના વિવરણમાં બ્રાહ્મણાદિ ચાર વર્ણની ઉત્પત્તિ લખ્યા પછી લખે છે કેઃ—

विश्वकर्म्मा च शूद्रायां वीर्य्याधानं चकार सः । ततो बभूवुःपुत्राश्च नवैते शिल्पकारिणः।। मालाकारः, कर्म्मकारः, शंखकारः, कुविन्दकः । कुम्भकारः, कंसकारः, षडैते शिल्पिनां वराः ।। इति ब्रह्मवैवर्ते ब्रह्मखन्डे १० अध्याय.

૨૦ ઉપર લખેલા સંસ્કૃત શ્લોકનો ભાવાર્થઃ વિશ્વકર્માએ શૂદ્ર સ્ત્રીમાં વીર્યાધાન કર્યું. તેથી નવ પુત્ર શિલ્પકરનારા થયા, તે માળી, લુહાર, શંખકાર, (શંખ બનાવનારો) કુવિન્દક (દરજી)

કુંભકાર (કુંભાર) કંસકાર (કંસારા) એ છ વિશ્વકર્માના નવ પુત્રોમાં શ્રેષ્ટ છે. આ બ્રહ્મવૈવર્ત પુરાણના પ્રમાણથી લુહાર એ સંકરજાતિ છે.

૨૧ ચોથા મુદ્દાનું વિવેચન ઘણું ખરૂં ઉપર થઈ ગયું છે. અને લુહારનો શબ્દકલ્પદ્રુમમાં ભરત રભસાદિ કોષકારોએ શૂદ્રમાં સમાવેશ કરેલો છે; પરંતુ શૂદ્ર જાતિ કરતાં તેમને કંઈ શ્રેષ્ટપણું બ્રહ્મવૈવર્ત પુરાણના મતથી સિદ્ધ થાય છે. કેમકે સંકરજાતિ બે પ્રકારની છે. એક " અનુલોમ " અને બીજી " પ્રતિલોમ. " સદર અનુલોમ અને પ્રતિલોમનો નિષ્કૃષ્ટ ભાવાર્થ એવો છે કેઃ—અનુલોમ એટલે સાંકર્ય અર્થાત્ ઉત્તમ વર્ણના પુરૂષથી અધમ જાતિની સ્ત્રીમાં ઉત્પન્ન થયેલાને અનુલોમજ કહેવાય છે; અને પ્રતિલોમ એટલે ઉત્તમ જાતિની સ્ત્રીમાં અધમ જાતિના પુરૂષથી ઉત્પન્ન થયેલાને પ્રતિલોમ કહેવાય છે. તે બાબતનો દાખલો એવો છે કેઃ—બ્રાહ્મણથી વિવાહિત શૂદ્ર સ્ત્રીમાં ઉત્પન્ન થયેલી સંતતિને જાતિએ કરીને શૂદ્રથી કંઈક ઉંચા ગણ્યા છે. એજ પ્રમાણે બ્રહ્મવૈવર્ત પુરાણમાં વિશ્વકર્માએ શૂદ્ર સ્ત્રીમાં ગર્ભાધાન કર્યું, તેથી ઉત્પન્ન થયેલી સંતતિ તે લુહાર છે. એમ ઉપર લખવામાં આવ્યું છે. વિશ્વકર્મા એ દેવ છે, તે શૂદ્ર કરતાં ઉત્તમ છે. તેનાથી અધમ જાતી શૂદ્ર સ્ત્રીમાં ઉત્પન્ન થયેલી સંતતિ શૂદ્ર જાતિ કરતાં ઉતરતી હોવી નહિ જોઇએ.

૨૨ " **गोपालात्तंत्र वाय्यां वै कर्मकारो व्यमूत् सूतः** " એ પારાશર પદ્ધતિના મત પ્રમાણે લુહાર એ શૂદ્ર જાતિથી ઊતરતી જાતિ છે એમ ઠરે છે. કેમકે ગોવાળીઆથી તંત્રવાઇ એટલે તંતુ-

વાઇ જેને ગુજરાતીમાં તાઇ કહે છે, અને મરાઠી ભાષામાં કોષ્ટી કહે છે, જે વાણો તાણો તૈયાર કરી આપનાર જાતિ છે, તે જાતની સ્ત્રીમાં ઉત્પન્ન થયેલી સંતતિ એ લુહાર છે. તેથી એ જાતિ શૂદ્રથી ઊતરતી અસચ્છુદ્ર છે, જેનો સ્પર્શ થયાથી સ્નાન કરવું પડે છે, પણ સદરહુ પારાશર પદ્ધતિના મત ઉપર શ્રી ગુરૂસ્થાન પૂર્ણ ભરોંસો રાખતા નથી. જો તે મત ભરોંસાદાર માનીએ તો તેના દેશભેદથી વ્યવસ્થા કરવી જોઇએ. કેમકે મહારાષ્ટ, કર્ણાટક, અને કેરલ દેશમાં તેમજ દ્રાવિડ દેશમાં પણ લુહારોને અશચ્છૂદ્ર ગણી તેમના સ્પર્શથી સ્પર્શસ્નાન કરવામાં આવે છે, એ બાબતનો પુરાવો શ્રી ગુરૂસ્થાનનું પોતાનું શરીર કેરલ દેશનું છે. તેથી તે દેશના એટલે કર્ણાટક, કેરલ, દેશના વ્યવહારના માહીતગાર છે, અને આ ઠરાવ લખનાર પોતે મહારાષ્ટ દેશના બ્રાહ્મણ છે તેથી મહારાષ્ટ દેશના લુહારના તે માહિતગાર છે અને આ પશ્ચિમ હિંદુસ્તાન માંહેલા લુહારોની સ્થિતિ, ગતિ અને વ્યવહાર જોતાં તેઓ બ્રહ્મવૈવર્ત પુરાણમાં લખેલા છ શિલ્પિ માંહેલા લુહાર છે તેથી શુદ્ર જાતિથી કંઇક ઊંચા છે, એમ શ્રી ગુરૂસ્થાનનો અભિપ્રાય છે.

૨૩ શ્રી ગુરૂસ્થાનનો હેતુ કોઇ પણ જાતિને હલકી પાડી તેમના અધિકારમાં અડચણ લાવવાનો છેજ નહિ. અને સમસ્ત ચાતુર્વર્ણ્ય પ્રજાએ તથા તદંતરગત સંકીર્ણ વર્ણે પોતપોતાના અધિકાર પ્રમાણે યથાવત્ ધર્માનુષ્ટાન કરવું, અને પોતપોતાના હુન્નરે ઉદ્યોગની શિથિલ થતી દશા સુધારી પોતે ઊત્કર્ષ પ્રાપ્ત કરી

દેશોન્નતિ કરવામાં તત્પર રહેવું એવું શ્રી ગુરૂસ્થાન ચાહે છે.

૨૪ ભગત નાગરજી પીતાંબર તથા તેના અનુયાયીઓએ પોતાના કર્તવ્યનો ત્યાગ કરી, નિરર્થક એવા શુષ્કવાદમાં ઉતરી બ્રાહ્મણાદિ ઉંચ વર્ણની પ્રજામાં બેદીલી ઉત્પન્ન કરી ઐક્યતાનો ભંગ કરવા સતત પ્રયત્ન જારી રાખ્યો છે, એ ધિક્કારવા જેવું છે. પરંતુ પોતપોતાનો આચાર, વ્યવહાર, ધર્મ, નીતિ સુધારી ઉચ્ચ સ્થિતિમાં આવવા ઇચ્છી પ્રયત્ન કરવો તે તો સર્વનું કર્તવ્ય છે. તેમાં કોઇને ના કહેવાનું અથવા ઇર્ષા કરવાનું કારણ નથી. પણ પોતે ઉત્કર્ષ સંપાદન કરવામાં વિના કારણ બીજાની અવજ્ઞા કરવી એ કૃત્ય ધીટકારને પાત્ર છે.

૨૫ ભગત નાગરજી પીતાંબરે માફ ન થઈ શકે એવી જે અસહ્ય નિંદા કરેલી છે તે કૃત્ય બીન જરૂરનું હોવાથી સો વાર ધીગ્વાદની પ્રાપ્તી તેણે કરી લીધી એમ ગણાય.

૨૬ પાંચમા મુદ્દાનું વિવેચન વધારે કરવાનું રહેતુ નથી, કેમકે લુહાર એ સંકરજાતિ છે એ ચોથા મુદ્દાના વિવેચનમાં આવી ગયું છે. વળી તેઓ શૂદ્ર સ્ત્રીમાં વિશ્વકર્માથી ઉત્પન્ન થયેલા હોવાથી તેઓને વૈદિક સંસ્કારનો અધિકાર નથી, તેમજ અનાદિ કાળનો રૂઢિવટ પણ તેવોજ છે, એથી ચોથા મુદ્દામાં બતાવેલી વિશ્વકર્માની સંતતિ ગુજરાતના લુહારોએ પુરાણ મંત્રથી પોતાનું સર્વ કર્મકાંડ કરવું એજ [illegible]ાણર છે એમ શ્રી ગુરૂસ્થાનનો અભિપ્રાય છે.

૨૭ છઠ્ઠા મુદ્દા બાબત પણ શ્રી ગુરૂસ્થાનનો અભિપ્રાય અરજદારોના વિરૂદ્ધમાં છે. તેનું કારણ એકે અરજદાર નાગરજી પીતાંબરે

ચિતૂર જીલ્લાની અદાલતના કેસમાં તે કામના વાદી લુહારો તરફથી પોતે બ્રાહ્મણ હોવાનાં જે સંસ્કૃત વાક્યો પુરાવામાં આપ્યાં છે, તેજ વાક્યો "વાદીએ આપેલો ઉત્તર" એ મથાળા નીચે "બ્રાહ્મણ નિર્ણય" એ નામના નિ. ૧ ના ચોપાનીયામાં છપાવી પ્રગટ કરેલાં છે તે વાક્યો તદ્દન ખોટાં અને કલ્પિત છે. એવાં વાક્યોના આધારથી પ્રૌઢ, વિદ્યા ન્યાય કુશળ એવા અંગ્રેજ અધિકારીઓએ લુહારોને બ્રાહ્મણ ઠરાવ્યા. એ બનવા જોગ નથી તેનું વિવેચન નિ. ૧ ની ચોપડીની સમીક્ષામાં નીચે આવશે નિશાની ૧ ના ચોપાનીયાની સમીક્ષા.

૨૮ ભગત નાગરજી પીતાંબરે જાણવું જોઇએ કે પોતે કંઇ ધર્મજ્ઞ પંડિત નથી જેથી પોતે જાતિનિર્ણય કે ધર્મનિર્ણય કરી શકે. ને સદર નિ. ૧ ની છપાયલી ચોપડીમાં લખેલાં વાક્યોથી જે પોતે સિદ્ધ કરવા ધારે છે તેજ તેનો નાશ કરનાર છે, તે તેની અજ્ઞાનતાને લીધે તેને ખબર નથી.

૨૯ નાગરજી પીતાંબરે પોતાનો મત સિદ્ધઃ કરવામાં "**ब्राह्मणोस्य मुखमासीत्**" એ મંત્ર પ્રથમ લખ્યા પછી તેની નીચે યજુર્વેદના નામથી કેટલાંએક વાક્યો પૃષ્ટ પાંચ ઉપર લખ્યાં છે તે **शुक्ल यजुर्वेद** કે **कृष्ण यजुर्वेद** ના છે, તેનો કાંઇ ખુલાસો તેમાં આપ્યો નથી. વળી પૃષ્ટ ૭ માં શંકરના પાંચ મુખથી પાંચ વિશ્વકર્મા ઉત્પન્ન થયાનું લખ્યું છે તે વાક્યોમાં "**सद्योजात मुखमासीत् मनुविश्वकर्मण उद्भवति**" એ પ્રમાણે પ્રથમ લખેલું છે, એમાં "**मनु**" અને "**विश्वकर्मणः**" એ બે પદની વિભક્તિ કયી અને એનો બીજા કયા ક્રિયાપદ સાથે સંબંધ છે,

તે કંઈ જણાઇ આવતું નથી. એવાં વાકયો વેદના નામથી લખેલાં છે તે કલ્પિત છે, એમાં કાંઇપણ સંશય નથી, એટલુંજ નહિ પણ એ પરસ્પર વિરૂદ્ધ હોવાથી “सुंदोपसुंद” એ ન્યાયથી સ્વાત્મઘાતક છે. “ब्राह्मणोस्य मुख मासीत्” એ યજુર્વેદના મંત્રમાં “ब्राह्मण” એ એકવચન છે, અને “ब्राह्मण” એ શબ્દ જાતિ વાચક હોવાથી એકજ બ્રાહ્મણ જાતિ સૃષ્ટયાદિ કાળમાં ઉત્પન્ન થયેલી છે. “मुख” એ પણ એકવચન છે, અર્થાત્ વિરાટ રૂપ વિષ્ણુ ભગવાનનું મુખ. તેથી એક બ્રાહ્મણ જાતિજ ઉત્પન્ન થઈ, એમ અર્થ થાય છે. અને નાગરજી પીતાંબર તો રૂદ્રના પાંચ મુખથી પાંચ વિશ્વકર્મા ઉત્પન્ન થયા, એમ બતાવે છે. પણ એ પાંચ વિશ્વકર્મા કયી જાતના છે, તે એ વાકયથી નિકળતું નથી. એટલા માટે તેણે ૧૯ મા પૃષ્ટમાં “**ब्राह्मणो भगवान रूद्रः” क्षत्रियः परमो हरिः। वैश्य पिता महश्चैव इंद्रःशूद्रोभि जायते ॥**” આવું એક ઠામ ઠેકાણા વગરનું કલ્પિત વાકય લખી “रूद्र” જાતે બ્રાહ્મણ હોવાથી તેના મુખથી ઉત્પન્ન થયેલા પાંચ વિશ્વકર્મા એ બ્રાહ્મણ છે એમ બતાવવાનો ડોળ કર્યો છે, એ ક્ષણભર નાગરજીપીતાંબરનું અકાંડતાંડવ ખરૂં છે એમ માનીએ તોપણ લુહાર બ્રાહ્મણ છે, એ ઉપરના શ્લોક ઉપરથી કેવી રીતે સિદ્ધ થાય છે, તે સમજાતું નથી. વળી વિશ્વકર્મા શબ્દ સાથે લુહારોને શું લાગતું વળગતું છે, તે પ્રમાણથી સાબીત કર્યું નથી, એટલુંજ નહિ પણ “નાગરજી પીતાંબર વેદ” નાં વાકયોથી પાંચ બ્રાહ્મણ જાતિ છે, એમ જણાયા છતાં તેમાં લુહારનો સમાવેશ થઇ શકતો નથી. જ્યારે “પુરાણ વિગેરેમાં આમ કંટક બ્રાહ્મણોએ બનાવટી કલ્પના પ્રસિદ્ધ કરી છે,” એમ

નાગરજી પીતાંબર પોતે લખે છે ત્યારે **ब्राह्मणो भगवाम्हद्** એ વાકય કોનું છે ? એતે " નાગરજી પીતાંબર વેદનું " કે લુહાર વેદનું, કે સમાજીક વેદનું છે ? કે પુંરાણોનું છે ? પુરાણનું છે એમ કહેતો કયા પુરાણના કયા અધ્યાયમાં કયા બ્રાહ્મણે ઊમેર્યું છે તે નાગરજી પીતાંબરે બતાવવું જોઇએ. તે ના બતાવે તો નાગરજી પીતાંબર રાજ્યદંડ તથા યમદંડના અધિકારી થાય છે. કોઇ એક વેદ મંત્રમાં કોઇ સ્થળે "**विश्वकर्म्मा**" એવો શબ્દ આવ્યો એ ઉપરથી લુહાર બ્રાહ્મણ છે, એવું માનવું કેટલું હાસ્યાસ્પદ છે।

૩૦ **विश्वकर्म्मा**નો અર્થ વેદમાં **विश्वंपरिदृश्यमानं समस्तं जगत्॥ निर्माणात्मकं कर्म्म** (ક્રિયા) **यस्यसः विश्वकर्म्मा परमेश्वरः ॥** આમ અર્થ કરેલો છે. વેદમાં કોઇ સ્થળમાં વિશ્વકર્મા, ત્વષ્ટા વિગેરે દેવશિલ્પિનાં નામો પણ આવે છે. તેથી લુહાર નાગરજી પીતાંબરને કાંઇ લાભ મળે એમ નથી, કારણ કે વિશ્વકર્મા અને ત્વષ્ટા તેઓ દેવ યોનિના છે. તેઓનો સંબંધ મનુષ્ય જાતિ સાથે થયા વિના મનુષ્ય જાતિ ઉત્પન્ન થઇ શકે નહીં. મનુષ્યનું પાર્થિવ શરીર છે, તેનું ઉપાદાન કારણ જરાયુદીક છે ને દેવોનું શરીર પાર્થિવ નથી, તેથીજ દેવોના પગ પૃથ્વીને સ્પર્શ કરે નહિં એમ શાસ્ત્રમાં કહેલું છે. દેવ શરીરનું ઉપાદાન ચંદ્રામૃત કિરણાદિક છે. એ તત્ત્વજ્ઞાનનો વિષય હોવાથી આ સ્થળે વધારે લખવામાં આવ્યું નથી.

आ. लुहार नागरजी पीतांबरे विना कारणु असभ्य वचनो वापरी ग्रामकंटक पदवीओ ब्राह्मणो विगेरेने आपी छे, एम करवुं तेमने मान्य भरेलुं छे ! ! ! नीति शास्त्रमां कहेलुं छे केः-

"आःक्रोपितोपि सुजनो न वदत्यवाच्यं,
निष्पीडितोपि मधुरं स्रवतीक्षुदण्डः ॥
नीचो जनो गुणशतैरपि सेव्यमानो
हास्येन यद्वदति तत्कलहेप्यवाच्यम् ॥

भावार्थः--क्रोधए सुज्ञ पुरुषने क्रोध कराव्यो होय तो पण अवांच्य वचन बोले नहि. जेम शेरडीनो सांठो कोलामां पीलाय छे, पण तेमांथी मधुर रस नीकळे छे. पण नीच जन छे ते हास्य विनोदमां जे शब्दनो उच्चार करे तेवा उच्चार भयंकर लढाईमां बोलाता नथी, एवां वाकयोनुं दिग्दर्शन नागरजी पीतांबरे कराव्युं छे. केमके ब्राह्मणोए नागरजी पीतांबरनुं कोई नुकशान कर्युं होय एम जणातुं नथी. स्मृति पुराणोमां, अधिकार अने अनधिकार बाबत कंइ उल्लेख हशे तो ते फक्त लुहारोने माटे छे एम नथी ने नागरजी पीतांबरनुं नुकशान कदापि थयुं हशे तो एकाद ब्राह्मणथी थयुं हशे, पण नागरजी पीतांबरे तो आ दुनियामांहेला समस्त ब्राह्मणोने मनुष्य जातिना मुखथी उच्चार थई शके नहि, एवां असभ्य वचनोथी भरेलुं चोपानीउं दुनियाना समस्त ब्राह्मण श्वानतुल्य छे एम समजीने छपावी प्रसिद्ध कर्युं छे, जो कोई ब्राह्मण जीवतो होय तो आवां अतिक्षेप वचनोनो प्रतिकार कायदासर रीतीए कर्या वगर रहेत नहि.

૩૨. બ્રાહ્મણોને ગ્રામકંટક વિગેરેની ઉપમા આપી નાગર પીતાંબરે નિર્ભયપણે લખ્યું છે પણ લુહાર કેવી જાતિના કંટકો છે, એ નાગરજી પીતાંબર બતાવતા નથી, પણ એ બાબતનો વિચાર કરીએ તો લુહાર એ સમસ્ત જગત્કંટક છે, એમ ઠરાવી શકાય. કેમકે મનુષ્ય, પશુ, વૃક્ષ, લતા પૃથ્વીની અંદર રહેનારા કીટ પતંગાદિ સમસ્ત જીવ પ્રાણી માત્રની હિંસાનું સાધન બનાવનાર લુહાર છે—મનુષ્ય, પશુ, પક્ષી આદિની હિંસાનાં સાધનો જેવાં કે બંદુક, તલવાર, છરી, ચાકુ, અસ્ત્રા ઈત્યાદિ લુહારો બનાવે છે. વૃક્ષની હિંસા કરવા સારૂ કુહાડા, કરવત, દાતરડાં વિગેરે સાધન લુહાર બનાવે છે. પૃથ્વીની અંદરનાં પ્રાણીઓની હિંસાનાં સાધન કોદાળી, પાવડા, કોશ, હળ વિગેરે લુહાર બનાવે છે. કસાઈનાં હથિઆરો એક જાતના લુહાર બનાવે છે. ખાતર પાડવાની ખાતરણી પણ લુહાર બનાવે છે. એવા ધંધા કરનારની બુદ્ધિ કેવી જાતની હોય તે સહજ ધ્યાનમાં આવ્યા વિના રહેશે નહિ, તેજ કારણથી કેટલાક દેશમાં લુહારનો સ્પર્શ થાય તો સ્નાન કરવામાં આવે છે, તો તેમના પ્રતિગ્રહની વાતજ ક્યાં !

૩૩ નિશાની ૧ ના ચોપાનીઆના પૃષ્ટ ૧૬માં યજુર્વેદની શ્રુતિના નામથી કેટલાંએક વાક્યો લખ્યાં છે. તેના ખરા ખોટાપણા વિશે વિચાર કરીએ તો " **ब्रह्मस्य विश्वकर्मणः । रुद्रस्य विश्वकर्मणः** " એવાં કેટલાંક વાક્યો લખ્યાં છે તેમાં " **ब्रह्मस्य** " એનુ લિંગશું અને વિભકિત કયી અને " **रुद्रस्य विश्वकर्मणः** " ઇત્યાદિ વાક્યોનો અર્થ શું છે, અને શા હેતુથી એ વાક્યો લખ્યાં છે તે

કંઈ સમજાતું નથી, તેથીજ તેમનાં લખેલાં વાક્યો ખોટાં સાબીત થાય છે, એટલુંજ નહિં પણ "ब्रह्मस्य" એ પદતો નાગરજી પીતાંબરની પંડીતાઈનું દિગ્દર્શન છે.

૩૪ ત્વષ્ટ્રા, વિશ્વકર્મા; તક્ષા વિગેરે શબ્દો વેદમાં આવ્યા છે તે "रथकार" વાચી છે, એમ ઉપર લખવામાં આવ્યું છે, તે રથકાર વૈદિક કર્મના અધિકારી છે. એમ વૈદિકપ્રસ્થાનમાં લખેલું છે. તે બાબતમાં કોઈપણ બ્રાહ્મણો ના કહેતા નથી, તેમજ પરંપરાથી તેવો વહીવટ પણ છે, પરંતુ તેઓની સાથે લુહારનો કંઈ પણ સંબંધ નથી, કેમકે એ રથકારના અનેક ભેદ છે. તેનો નિર્ણય વંશ સુતારના અધિકાર બાબત શ્રી ગુરૂસ્થાનમાં ઇલાયદુ પ્રકરણ ચાલે છે, તેમાં કરવામાં આવશે.

૩૫ નિશાની ૧ ના ચોપાનીઆના ૧૭ મા પૃષ્ટમાં બ્રાહ્મણોને ઉદ્દેશીને "સાંભળો" તમારી ઉત્પત્તિ વિષે પ્રમાણ ઉપનિષત્ વાક્યઃ-

अंत्यजाति द्विजातिश्च एक योनिसहोदरः
एक योनि प्रसूतश्च एक शाखे न जायते ॥

એવાં વાક્યો લખ્યાં છે, હવે એ માંહેલું સંસ્કૃત વાક્ય લુહાર ઉપનિષદ્‌માં અગર નાગરજી ઉપનિષદ્‌માં હોવું જોઇએ, કારણ ૧૦૮ ઉપનિષદો છાપેલાં છે, તેમાં કોઇ સ્થળે એ વાક્ય નથી અને ૧૦૮ સિવાય ઉપનિષદ વધારે પણ નથી.

૩૬ વળી ઉપલા શ્લોક માંહેલું સંસ્કૃત અશુદ્ધ છે, તોપણ એ અભિપ્રાય છે કે દ્વિજાતિ (બ્રાહ્મણ) અને અંત્ય જાતિ (ઢેડ)

એ વાક્યો એક યોનિ એટલે એક માબાપના **સહોદર** (એ ભાઈ) છે એમ ઠરાવવાનો છે.

૩૭ **મનુ, મય, ત્વષ્ટ્રા, શિલ્પિ** અને **વિશ્વજ્ઞ** એ પાંચ રૂષિ શંકરના પાંચ મુખથી ઉત્પન્ન થયા એમં નાગરજી પીતાંબર માને છે, તેથી ઉપર લખેલા પાંચ રૂષિનો વંશ "**દ્વિજાતિ**" નથી, એમ નાગરજી પીતાંબરે બળાત્કારથી માનવુંજ પડશે કેમકે "**દ્વિજાતિ**" થાય તો ઠેડના ભાઇ થાય, અર્થાત્ નાગરજીએ માનેલા પાંચ રૂષિના વંશજો એક જાતિ છે એમ સિદ્ધ થયું.

૩૮ લુહારો શસ્ત્રાદિ ઘડે છે, એમ ઉપર લખ્યું છે, તે શસ્ત્રો કોઇ વખત સ્વાત્મઘાતક પણ થાય છે. એજ પ્રમાણે નાગરજી પીતાંબરે બતાવેલાં વાક્યરૂપ શસ્ત્ર તેમને પોતાને ઘાતક છે. નાગરજી પીતાંબર ત્વષ્ટ્રા અને વિશ્વકર્મા એ શબ્દનો પર્યાય "રથકાર" વાચી તેમજ તેમનો વૈદિક કર્મનો અધિકાર જોવામાં આવ્યાથી પોતાને પણ રથકારના ખોળીઆમાં બેસવાની, લાલસા થઈ હોય, પણ તે બનવા જેવું નથી.

૩૯ રથકારનો ધંધો યાવત્ મનુષ્ય, પશુ, પક્ષિઆદિ પ્રાણી માત્રને ટાઢ–તડકાદિ દુઃખથી બચાવી સર્વ સુખના સાધન રૂપ ગૃહો, ધર્મશાળા, વિગેરે બનાવવાનો છે, તેથી તે જાત પોતાના ધંધાથી ઊત્તમ છે. પણ લુહાર તો સમસ્ત પ્રાણી માત્રની હિંસાનાં સાધન બનાવનારા છે, તેમજ જાતિથી પણ ઊતરતા છે. એમ બ્રહ્મવૈવર્તપુરાણ ઉપરથી લખવામાં આવ્યું છે.

૪૦ સ્મૃતિ પુરાણોમાં લુહારની જાતિ વિશે બીજા ઘણા

ઉલ્લેખ છે, પણ તે અત્રે લખવાથી બેદીલી ફેલાય એ માટે અત્રે લખવામાં આવ્યા નથી. પરંતુ નાગરજી પીતાંબર તેથી અજાણ્યા ન હોવા જોઇએ, તેથીજ "બ્રાહ્મણોએ ખોટી પ્રબંધ કલ્પના કરી છે" એમ લખી સમસ્ત બ્રાહ્મણોને ગાળો દીધાનું અનુમાન થાય છે.

૪૧ નાગરજી પીતાંબર હવે કોર્ટના ઠરાવથી લુહારો બ્રાહ્મણ છે, એમ મનાવવાનો પ્રયત્ન કરે છે, જે પ્રમાણના આધારથી ચિતૂર જીલ્લાની અદાલતે બ્રાહ્મણ ઠરાવ્યા છે, તે પુરાવો નિશાની ૧ ના ચોપાનીયાના પૃષ્ટ ૭ માં "વાદીઓએ આપેલો ઊતર" આવા મથાળાં નીચે લખેલ છે, એ વાકયો કેવળ કલ્પિત છે, એમ અભણુ બાળકો પણ કહી શકશે. હાલના સમયમાં કાયદા પંડિતો, વકીલો, બારીસ્ટરોની તકરાર દરમ્યાન વિદ્વાન જડજો એવાં કલ્પિત વાક્યો ઉપર પુરાવાનો આધાર રાખી લુહારોને બ્રાહ્મણ ઠરાવે એ અસંભવિત છે, માટે તે તરફ લક્ષ આપવા શ્રી ગુરૂસ્થાનનું મન બીલકુલ ઊત્સુક નથી.

૪૨ નાગરજી પીતાંબરના વિચિત્ર વર્તનનો એક દાખલો એવો છે કે; શ્રી ગુરૂસ્થાન તરફથી, જાવક નંબર ૪૨ તા. ૨૯-૮-૦૮ ના સૂચના પત્રથી નાગરજી પીતાંબરને જણાવવામાં આવ્યું હતું કે "તમારા નિશાની ૧ ના ચોપાનીઆમાં લખેલાં વાકયો તથા સરકારી ઠરાવ ખરા કરી આપવા મૂળ ગ્રંથો તથા મૂળ ઠરાવની ખરી નકલ લઇ તા. ૫-૯ ૧૯૦૮ ના રોજ નડીઆદ મુકામે હાજર થવું," એનો ઊત્તર ભાદરવા સુદી ૯ સનીવારે સાંજે રજી-

૨૮૨ પોસ્ટ મારફતે આવ્યો, તે નિશાની નંબર ૩ થી આ કામમાં દાખલ છે.

૪૩ સદર નિશાની ૩ માં પોતે લખે છે કે "મેં આપને સને ૧૯૦૫ ના સપ્ટેમ્બર માસમાં એક ચોપડી મોકલેલી, અને સને ૧૯૦૭ ના ડીસેમ્બર મહીનામાં બીજી ચોપડી મોકલાવેલી. એટલી લાંબી મુદત આપ્યા છતાં આપે આજ સુધી એ ફેસલાઓની નકલ લેવાને ચીતૂર જીલ્લાના ડીસ્ટીકટ જડજને તથા મદ્રાસ હાઇકોર્ટને અરજ કરેલી કે કેમ?" વિગેરે કેટલીએક હકીકત લખી શ્રી ગુરૂસ્થાનને કેટલી એક ધમકી આપેલી છે, અને વળી લખે છે કે "અમારાં લખેલાં પ્રમાણો સશાસ્ત્ર ન હોય તો બ્રાહ્મણોમાં ખળભળાટ થવાનું કોઇપણ કારણ રહેતું નથી. જ્યારે ખળભળાટ થયેલો છે તે શશાસ્ત્રજ છે" એમ ઉડાઉ જવાબ આપી પતાવી લે છે, એ વર્તન અતિશય ઊદ્ધતાઇ ભરેલું છે, કેમકે સુરત મુકામે "વિશ્વકર્મા જાતિ ઊત્તેજક મંડળી" એ નામની મંડળી તરફથી ૩૨ લુહારની સહીઓથી લુહાર જાતિના અધિકારનો નિર્ણય મળવા સારૂ અરજ કરેલી છે, તે ઉપરથી શ્રી ગુરૂસ્થાનમાં આ પ્રકરણ ઉપસ્થિત થયેલું છે, તે વખતે પણ અરજી સાથે સદર નિ. ૧ નું ચોપાનીઉં અરજદાર લુહારોનું રજુ કરેલું હતું.

૪૪ સદર નિશાની ૧ વાળી ચોપડીમાં લખેલાં વાકયો અને સરકારી ઠરાવો અસલ સાથે મુકાબલો કરી અરજી ખરી કરવા જા. નં. ૧૫૫ તા. ૮-૯-૧૯૦૬ નું સૂચના પત્ર કાઢવામાં આવ્યું હતું, તે સૂચના પત્રના જવાબ તરીકે એક લેખ નિશાની ૧ ના

ચોપાનીઆમાં પૃષ્ટ ત્રણમાં તા. ૨૩–૧૨–૦૭ ના રોજ નાગરજી પીતાંબરે છપાવી પ્રસિદ્ધ કર્યો છે, તેમાં લખે છે કે " જત શ્રી અમદાવાદથી લી. વિશ્વકર્મા વંશોત્પન્ન પંચાલ ભગત નાગરજી પીતાંબરજી ના શાષ્ટાંગ દંડયત્ નમસ્કાર અંગીકાર કરશોજી. વિ. વિ. સાથે લખવાનું જે આપનો જ્યારે સુરત મુકામ હતો, ત્યારે અમોએ આપને વિશ્વકર્માની સંતતિ કયી વર્ણમાં છે, એ બાબતની અરજી કરેલી તે બાબત આપે જા. ન. ૧૫૫ તા. ૮-૯--૧૯૦૬ ના પત્રમાં જવાબ આપ્યો જે તમારી પાસે જે પુરાવા હોય તે હમારી તરફ રજુ કરો, તે પુરાવો તપાસ્યા કેડે વિશ્વકર્માની સંતતિ કીયા વર્ણમાં છે, તેનો નિર્ણય કરીશું તો એ બાબતનો નિર્ણય કરવા સારૂ અમારી પાસે કેટલાક પુરાવા છે તેમાંના બે પુરાવા એક ચીતૂર જીલ્લાની અદાલતનો નિવેડો. બીજો શ્રી શંકરાચાર્યનો નિર્ણય આપના તરફ છાપી રજુ કરીએ છીએ, તે તપાશી વિશ્વકર્માની સંતતિ કીયા વર્ણમાં છે તેનો જુવાબ સંતોષકારક હમોને આપશો, ને બીજા પુરાવાની જરૂર હશે તો છાપી આપની તરફ મોકલાવીશું એજ અરજ " આ પ્રમાણે અરજી જાહેર રીતે છપાવી છે.

૪૫ મતલબ એટલીજ છે કે સુરત મુકામથી આ લુહારો પોતે વિશ્વકર્માની સંતતિ કયી વર્ણમાં છે એનો નિર્ણય મળવા અરજદાર બની આ પ્રકરણ ચલાવ્યું છે. તે નિશાની ૧ ના ચોપાનીયામાં જાહેર રીતે છપાવેલી અરજી ઉપરથી સિદ્ધ થાય છે. અને તા. ૭ માહે સપ્ટેમ્બર સને ૧૯૦૮ થી નાગરજી પીતાંબર એક

મોટો ન્યાયાધીશ બની પુરાવો મેળવવાનો બોજો અને કલંમ શ્રી ગુરૂસ્થાનના માથે નાંખી ધમકી આપે છે.

૪૬ નિશાની ૧માં લખેલાં સંસ્કૃત વાક્યો ખરાં ન હોય તો બ્રાહ્મણોમાં ખળભરાટ ઊઠવાનું કારણ નથી, અને ખળભરાટ ઉઠયો છે, એવી દલીલ લાવી પોતાનાં લખેલાં વાકયો ખરાં છે એમ મનાવવા જાય છે. એ ઉપરથી જણાય છે કે પુરાવાના કાયદામાં અદ્વિતીય પંડીતાઇ હાલમાં નાગરજી પીતાંબરજી વિના આખા હિંદુસ્તાનમાં બીજો કોઇ ધરાવતો નથી.

૪૭ નિ૰ ૧ના ચોપાનીયાના પૃષ્ટ ૧૩માં "નિવેડો બીજો" આવા મથાળા નીચે "શ્રી શંકરાચાર્ય વિશ્વકર્માની સંતતિને કહે છે જે" એમ શરૂઆત કરી કેટલીએક હકીકત નિર્લજપણે લખી કેટલાંક વાકયો પૂર્વાપર સંબંધ વિનાનાં લખ્યાં છે. તે પછી પૃષ્ટ ૧૮મ શંકરાચાર્યનું નાગ અમારા લોકોનું છે, તમારા લોકોનું નથી, વિગેરે કેટલીક અમાન્ય વાતો મનુષ્ય જાતિને નહિ છાજે એવી લખી પાંચ વેદનું સ્વામિત્વ લુહારોનું ઠરાવ્યું છે. અને તેમાં શ્રી શંકરાચાર્ય અને બ્રાહ્મણોની નિંદાનો તો પારજ રાખ્યો નથી. એટલાથી ન અટકતાં સાક્ષાત્ બ્રહ્મદેવને પણ તુચ્છકારી કાડયા છે; એવી રીતે આખી સૃષ્ટિની ઊત્પત્તિ લુહાર વિશ્વકર્માથી થઇ એમ બતાવ્યું છે. વળી લખ્યું છે કે સોનીને વેદનો અધિકાર છે. એ પ્રણવ વેદ કયો ? લુહારની કહોડ કે સોનીની સગડી !!! સિવાય બીજું કાંઇ જણાતું નથી.

૪૮ ૐકાર અક્ષર એ પાંચમો પ્રણવ વેદ છે એમ કહેવા મા-

ગતા હોય તો એ ચાર વેદવાળાઓથી ૐકારનું ઉચ્ચારણ થાય નહીં. કેમકે બીજી શાખાનો વેદ ભણે તે "શાખાસંડ" કહેવાય, એમ પોતે નાગરજી પીતાંબર લખે છે તો એ શંકરાચાર્ય કયા મઠના અને કયા દેશના? એ બાબતનો ખુલાસો નાગરજી પીતાંબરૂ જાણે. "નિવેડો બીજો" એ મથાળાથી ચોપાનીયાના છેવટ સુધી જે વાકયો અને હકીકત લખેલી છે તેઃ—

एष वंध्यासुतो तोयाति खपुष्पकृतशेखरः ॥
मृगतृष्णांभसि स्नात्वा शशशृंगधनुर्धरः ॥

આ સંસ્કૃત વાકય પ્રમાણે સમજવાનું છે.

૪૯ નિશાની. ૩ ના પત્રમાં નાગરજી પીતાંબર લખે છે કે "આર્યસમાજ જેવી કોઇ પણ સંસ્થામાં બેહજાર રૂપીઆ આપવા કબુલ થાવ છો," ? તે ઉપરથી જણાય છે કે નાગરજી પીતાંબર પોતે આર્યસમાજી જણાય છે. એ વાત ખરી હોય તો પણ નાગરજી પીતાંબરે પોતાના ચોપાનીઆમાં જે અસત્ય શબ્દો લખેલા છે, તે માટે સમસ્ત પ્રજાએ સંતોષ માનવાનો છે કેમકે જેનીપાસે જેવું ધન હોય તેનો તેવેજ સ્થળે દાન વિગેરેનો ઉપયોગ તે કરીશકે.

૫૦ નાગરજી પીતાંબર વિગેરે લુહારો વિશ્વકર્માની સંતતિ પંચાલ લુહાર એ કયી વર્ણમાં છે, અને તેમને વેદોકત કર્મ કરવાનો અધિકાર છે કે પુરાણોકત? એ બાબતનો નિર્ણય મેળવવા શ્રી ગુરૂસ્થાનમાં અરજ કરી આ પ્રકરણ ઉપસ્થિત કર્યું છે, અને એનો નિર્ણય ક . માટે જોઇતો પુરાવો રજુ કરવા તે લોકોએ જ્યા-

રે જાહેર રીતે કબુલ કરેલું છે તો તેમની કબુલત પ્રમાણે તેઓએ રજુ કરેલા પુરાવા ખરા કરી આપવા એ અરજદારોની ફરજ છે, એ વાત સાધારણ મૂર્ખ માણસને પણ કબુલ કરવીજ પડશે. ત્યારે અરજદારોને પુરાવો ખરો કરીલેવા સારૂ રૂ ૨૦૦૦) બેહજાર રૂપીઆ આર્યસમાજી સરખી સંસ્થામાં શા માંટે મુકવા જોઇએ ? આમ કરવાથી લુહારો બ્રાહ્મણ થઇ શકશે નહીં.

૫૧ અરજદારો જો આર્યસમાજી હોય તો તેમને આ ગુરૂસ્થાનમાં નિર્ણય માટે અરજ કરવાનું કારણ નહોતું. જો તે આર્યસમાજી હશે તો આ ઠરાવ તેઓને લાગુ નથી. આ ઠરાવ ફકત સનાતનધર્માનુયાયી અરજદાર લુહારજાતિને માટે છે, એમ સમજવાનું છે.

૫૨ નિશાની. ૧ ના ચોપાનીઆના પાંચમા પૃષ્ટમાં “ **प्राची-दिशां वसंत ऋतू** ” ઇત્યાદિ કેટલાંએક વાકયો લખ્યાં છે તે કયા વેદનાં છે એ જણાતુ નથી. લુહાર વેદનાં હોય તો ભલે. કેમકે વૈદિક વાકય એવાં હોયજ નહિં. વળી તે વાકયોનો અર્થ પૃષ્ટ ૬ માં કર્યો છે તેમાં લખે છે કેઃ—“ આ વેદવાકય ઉપરથી એમ દેખાય છે કે ઉપલાં પંચ મુખો પંચ બ્રહ્મ છે ” પણ તે વાકયોમાં કોઇપણ જગ્યાએ “ મુખ ” એવો શબ્દજ નથી. આ વાકયોનો વાદી લુહારોએ કોર્ટમાં પુરાવો આપ્યાનું અને તે ઉપરથી લુહાર બ્રાહ્મણ છે એવું હુકમનામું થયાનું ભગત નાગરજી પીતાંબરે લખે છે, એ કેવળ છેતરપીંડી છે. એ બાબતઉપર શ્રી ગુરૂસ્થાન નામદાર ઇંગ્રેજસરકારનુંલક્ષ ખેંચે છે, કેમકે ખોટાં વાકયો ઉપર આ-

ધાર શખ્શોને ઇંગ્રેજી રાજ્યમાં કોઇપણ જાતનું હુકમનામું થાય એ વાત સંભવિત નથી; છતાં લુહાર નાગરજી પીતાંબરે ઇંગ્રેજસરકારના નામનો ખોટો ઠરાવ જાહેરપ્રજામાં પ્રસિદ્ધ કરી સ્વારથ્યતાનો ભંગ કરવાની કોશીશ કરી છે તે તરફ નામદાર ઇંગ્રેજસરકાર લક્ષ આપશે એવી આશા છે.

૫૩ પૃષ્ટ ૧૪ માં "**सद्योजातादि**" પંચ બ્રહ્મ મંત્ર લખ્યા છે, તેની સાથે વિશ્વકર્માનો કઇ સંબંધ નથી. તેમજ તે મંત્રમાં કોઇ જગ્યાએ "મુખ" શબ્દ પણ નથી. તેમજ "મનુ" શબ્દ પણ નથી. ત્યારે આ મંત્રના અર્થમાં "આ વચન ઉપરથી સદ્યોજાત મુખમાંથી મનુ બ્રહ્મ ઉત્પન્ન થયા, તેની સંતતિના લોક લોહ કામ કરનારા છે, અને તેઓને લોહકાર કહે છે. ને તેમને ઋગવેદનો અધિકાર છે." એમ નાગરજી પીતાંબર લખે છે. તે લુહાર હોવાથી એક બે ચોપડીઓ ભણ્યા, એટલે વેદ વાકયોનો મનગમતો અર્થ કરે એમાં કાંઇ નવાઇ નથી, કારણ તે લુહારને છાજતું છે.

૫૪ પૃષ્ટ ૧૫માં કેટલાંએક વાકયો લખ્યાં છે તેમાં કોઇક સ્થળે વિશ્વકર્મા શબ્દ આવ્યો એટલે એ શબ્દ ઉપરથી લુહાર બ્રાહ્મણ થઇ ગયા એમ ભગતજી માનતા હશે તો તેમાં નવાઇ શી! કારણ તે જાતે લુહાર છે અને લુહારનું જ્ઞાન કેટલું હોય, તે તેમના લેખ ઉપરથી જાણવામાં આવશે.

૫૫ પૃષ્ટ ૧૬ માં "**विश्वकर्मश्च दारुणि**" એવો કોઇ એક વિચિત્ર શબ્દ લખ્યો છે ત્યારે હવે ભગત નાગરજી તથા તેના સ-

મસ્ત આર્યસમાજી ભાઇઓને પૂછીએ છીએ કે "**विश्वकर्मस्य**" એ કયી વિભક્તિ ? ને કયું લિંગ ! ને એ લખેલાં સંસ્કૃત વાકયો-નો અર્થ શો !

૫૬ હવે લુહાર સરખા વેદ વિધાના અનધિકારી જાતિમાં ઉત્પન્ન થયેલા માણુસ યદ્વા તદ્વા લખે તો તે તરફ તુચ્છ દૃષ્ટીથી જોઇ ઉપેક્ષાવૃત્તિ રાખવી એજ યોગ્ય છે. પરંતુ તેણે એવાં ચોપાનીઆં ઉદ્ધતાઇથી શ્રી ગુરૂસ્થાન ઉપર મોકલી જાહેર અરજી છપાવી નિર્ણય માગ્યો એટલુંજ નહિ પણ આવાં ચોપાનીયાં પ્રસિદ્ધ કરી અશિક્ષિત પ્રજામાં ગેદીલી ઊત્પન્ન કરી, એક મુર્ખાઈ ભરેલું કૃત્ય કરવાથી શ્રી ગુરૂસ્થાનને તે તરફ લક્ષ આપવું પડયું છે. ભગતજીને જ્ઞાન કેટલું છે તે બાબત એકજ ઉદાહરણની વાત નીચે બતાવીએ છીએ.

૫૭ પૃષ્ટ ૭ માં "વાદીઓએ આપેલો ઉત્તર" એવું મથાળે લખી, વાદી લુહારો પોતાના તરફથી કોર્ટમાં પુરાવા તરીકે આપેલું પ્રમાણુ છે એવો ડોળ દેખાડી પ્રજાજનોને વહેમમા નાંખી ઠગાઇનો મોટો ગુન્હો ભગત નાગરજી પીતાંબરે કરેલો છે. તે બાબતનો વિચાર યોગ્ય અધિકારીવર્ગ કર્યાવિના રહેશે નહિ એવો શ્રી ગુરૂસ્થાનને પૂર્ણ ભરોંસો છે.

૫૮ "**सद्योजात मुख मासीत् ॥**" ઇત્યાદિ વાકયો લખી ત્યાર પછી નાગરજી પીતાંબર લખે છે કે આ વેદ વાકયો ઉપરથી જણાય છે કે સાનગરૂષિ મનુ બ્રહ્મરૂપ, સનાતન રૂષિમય બ્રહ્મરૂપ, અહભૂનરૂષિત્વષ્ટ બ્રહ્મરૂપ પ્રત્ન ઋષિ શિલ્પ બ્રહ્મરૂપ, તથા સુપર્ણરૂષિ વિશ્વજ્ઞ

અક્ષરૂપ છે." પરંતુ એવો અર્થ ઉપરનાં કલ્પિત વાક્યોમાંથી નિકળતો નથી. પણ શિવજીના પાંચ મુખથી પાંચ રૂષિ ઉત્પન્ન થયા એવો ડોળ દેખાડવા " मनु विश्वकर्म्मण उद्भवति " ઇત્યાદિ બનાવટી વાક્યો નાગરજી પીતાંબરે લખ્યાં છે; અર્થાત્ રૂદ્રના सद्योजातादि પાંચ મુખથી પાંચ વિશ્વકર્મા બ્રાહ્મણજાતિ ઉત્પન્ન થઇ એમ દેખાડવાનો હેતુ નાગરજી પીતાંબરનો હોવો જોઇએ. પરંતુ મુર્ખાઈ એટલીજ છે કે પૃષ્ટ ૭ માં લખેલાં વાકયથી પાંચ વિશ્વકર્મારૂપી રૂદ્રના મોંમાંથી ઉત્પન્ન થયા એમ બતાવે છે, અને પછી પૃષ્ટ ૧૬ માં " विश्वकर्मणः रूद्रोजायते विश्वकर्मणः " " नारायणो जायते विश्वकर्मणः, " અને " द्वादशादित्याजायंते " ઇત્યાદિ વાકયો ઉપરથી, વિશ્વકર્માથી, રૂદ્ર, નારાયણ અને દ્વાદશ આદિત્ય વિગેરે ઉત્પન્ન થયા એમ લખે છે તે ઉપરથી એમ ઠરે છે કે રૂદ્રના મુખથી ઊત્પન્ન થયેલા વિશ્વકર્મા, તે વિશ્વકર્માથી રૂદ્ર ઊત્પન્ન થયો એટલે પુત્રથી પિતા ઊત્પન્ન થયા એમ સિદ્ધ થાય છે. એ ઉપરથી ભગત નાગરજી પીતાંબરની લીલા છે તે સહજ સમજાશે. અને પુત્રથી પિતાને ઊત્પન્ન કરેનાર નાગરજી પીતાંબર બ્રાહ્મણ તો શું, પણ મહા બ્રાહ્મણ છે એમ માન્યા વિના બીજો ઊપાય નથી; કારણ તેણે સૃષ્ટીમાં નબનેલા નારદાદિક રૂષિઓથી અગર સાધારણ બ્રાહ્મણોથી પુત્રથી પિતાને ઊત્પન્ન કરાવવા એ કામ બને નહિં. માટે ભગત નાગરજી પીતાંબરને મહા બ્રાહ્મણની ઉપમા આપી છે તે ઘટતીજ છે.

૫૯ ભગત નાગરજી પીતાંબરે બ્રાહ્મણોની જે નિંદા કરેલી

છે, તેનો નિરાસ મનુસ્મૃતિના નીચે લખેલા શ્લોકોથી કરવો.

उत्पत्तिरेव विप्रस्य मूर्तिं धर्मस्य शाश्वती ॥
स हि धर्मार्थमुत्पन्नो ब्रह्मभूयाय कल्पते ॥
अ० १. श्लो. ९८ ॥

ભાવાર્થ:—બ્રાહ્મણની ઉત્પત્તિજ ધર્મની સનાતન મૂર્તિ ગણાય છે, તે ધર્માચરણ કરવા માટેજ ઊત્પન્ન થયો છે, અને તેજ મોક્ષ મેળવવાને પણ સમર્થ થઇશકે છે.

ब्राह्मणो जायमानो हि पृथिव्यामधिजायते ॥
ईश्वरः सर्वभूतानां धर्मकोशस्य गुप्तये ॥
अ० १ श्लो० ९९.

ભાવાર્થ:—બ્રાહ્મણ ધર્મના ભંડારની રક્ષા કરવા માટે જન્મથીજ પૃથ્વીનો અધિપતિ થઇને જન્મે છે અને ધર્મરૂપી ખજાનાના રક્ષણ માટે તે સર્વ પ્રાણીઓનો પ્રભુ ગણાય છે.

अविद्वांश्चैव विद्वांश्च ब्राह्मणो दैवतं महत् ॥
प्रणीतश्चाप्रणीतश्च यथाग्निर्दैवतं महत् ॥
अ० ९ श्लो० ३१७ ॥

ભાવાર્થ—અગ્નિને જેમ વેદ મંત્રથી પ્રગટ કર્યો હોય કે બીજી રીતે પ્રગટ કર્યો હોય તો પણ તે જેમ મહાન્ દૈવત ગણાય છે, તેમ બ્રાહ્મણ વિદ્વાન હોય કે અવિદ્વાન હોય તો પણ તે મહાન દૈવત ગણાય છે.

एवं यद्यप्यनिष्टेषु वर्तन्ते सर्वकर्मसु ॥
सर्वथा ब्राह्मणाः पूज्याःपरमं दैवतं हितत् ॥

अ० श्लो० ३१९ ॥

ભાવાર્થ—એ પ્રમાણે બ્રાહ્મણો સર્વ હલકી જાતના ધંધા કરતા હોય તોપણ તેઓ સર્વથા પૂજવા યોગ્ય જણાય છે, કારણકે તે પરમ દૈ   છે.

सर्वतः प्रतिगृह्णीयाद् ब्राह्मणस्त्वनयंगतः
पवित्रं दुष्यति त्येतद्धर्मतो नोपपद्यते ॥

अ० १० श्लो० १०२ ॥

ભાવાર્થ—બ્રાહ્મણ જો આજીવિકાના દુ:ખથી પીડાતો હોય તો તેણે સર્વની પાસેથી દાન લેવું કારણકે પવિત્ર વસ્તુ દૂષિત થતી નથી એવી ધર્મની મર્યાદા છે.

नाध्यापनाद्याजनाद्वा गर्हिताद्वा प्रतिग्रहात् ॥
दोषो भवाति विप्राणां ज्वलनाम्बुसमा हि ते ॥

अ० १० श्लो० १०३ ॥

ભાવાર્થ—આપત્તિના સમયમાં નિંદિત પુરૂષોને વેદ ભણાવવાથી, યજ્ઞ કરાવવાથી, તથા તેની પાસેથી પ્રતિગ્રહ કરવાથી (દાન લેવાથી) બ્રાહ્મણોને દોષ લાગતો નથી, કારણકે બ્રાહ્મણો અગ્નિ અને પાણીના જેવા પવિત્ર છે.

૬૦ ભગત નાગરજી પીતાંબરે બ્રાહ્મણની નિંદાના પદ્મપુરાણ ઊત્તરખંડના નામથી કેટલાક શ્લોકો લખેલા છે તે ખરા છે એમ માનીએ તોપણ એ પદ્મ પુરાણ ઊત્તરખંડ શીવે બ્રાહ્મણની નિંદા માટે બંગદેશસ્થ કોઇ એક વૈષ્ણવ કાયસ્થે નિમાર્ણ કરેલ છે, એમ વિદ્વાનોના પૂર્ણ અભિપ્રાયો પડીચુકેલા છે. તેમજ જે જે સ્મૃતિપુરાણોમાં જે કંઇક ક્ષેપક છે, તે તે ગ્રંથના ટીકાકારો એ તે ક્ષેપક છે, એમ ઠરાવી ટીકા કરતા નથી, એટલે કલ્પિતવાક્યોનો ત્યાગ થઇ ચુકયો છે. માટે લુહારની જાતિનિગ્રહ માટે બ્રાહ્મણોએ કલ્પના કરેલી છે એમ જે નાગરજી પીતાંબરનું લખવું એ "શશ-શૃંગવત્" છે. આ પ્રમાણે તેમના રજુ થયેલા નિશાની ૧ ના પુરાવાનું વિવેચન છે.

૬૧ અરજદાર લુહારોની વર્ણ અને કર્મ કાંડ બાબત શ્રી ગુરૂ સ્થાનનો નિર્ણય નિચે પ્રમાણે છે.

નિર્ણય.

૬૨ અરજદાર લુહારો અનુલોમ સંકર જાતિ છે અને તેઓને પુરાણ મંત્રથી દ્વાદશ સંસ્કાર, પંચમહાયજ્ઞ, શિવોપાસના કરવાનો અધિકાર છે, ઇતિ શિવમ્ સ્વારી મુકામ ડાકોર મીતિ આશ્વિન વદ્ય ૧ સંવત ૧૯૬૫ આષાઢિ ભગવાન્ ભાષ્યકાર આદ્ય શંકરાચાર્ય અવતાર શકે ૨૪૭૮ તા. ૧૦ અકટોમ્બર સને ૧૯૦૮.

અમદાવાદ યુનાઇટેડ કંપની પ્રેસ.